# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **ગ્રામ્ય વિસ્તારોમાં ઘરથાળના મફત પ્લોટ આપવાની યોજના વધુ સરળ તેમજ બૃહદ બનાવવાનો નિર્ણય.**
2. **વિધાનસભામાં ગૃહ અને કાયદા વિભાગની અંદાજપત્રીય માગણી પર આજે ચર્ચા અને મતદાન.**
3. **કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 754Kનું 650 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવીનીકરણ કરાશે.**
4. **ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકમાં સાત કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી સામે આવી.**
5. **રાજ્યના 11 શહેરમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર-હજુ ચાર દિવસ હિટવેવની આગાહી**
6. **અમદાવાદમાં ‘ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન ગોલ્ફ સ્પર્ધા’નો આવતીકાલથી પ્રારંભ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.**

# RURAL PLOTS

ગ્રામ્ય વિસ્તારોના આવાસ વિનાના પરિવારને રહેણાંક હેતુ માટે ઘરથાળના મફત પ્લોટ આપવાની યોજના વધુ સરળ તેમજ બૃહદ બનાવવાનો નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકારના આ નિર્ણય અનુસાર, ગ્રામ્ય વિસ્તારમાં વસતા અને રાજ્ય અને કેન્દ્ર સરકારની આવાસ યોજનાઓ અન્વયે પાત્રતા ધરાવતા લોકોને આ યોજનાનો લાભ અપાશે. મુખ્યમંત્રીના આ ગરીબલક્ષી નિર્ણયને પરિણામે આવાસ વિહોણા વધુ ગ્રામીણ ગરીબોને આવાસ માટે ઘરથાળનો પ્લોટ મળશે.

# GAS SUPPLY

રાજ્યમાં ગેસ પુરવઠો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે. વધુ માહિતી આપતા કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, પશ્ચિમ એશિયાના દેશોના સંઘર્ષને કારણે, આ વિસ્તારોમાંથી પસાર થતા તમામ ગેસ કાર્ગો હાલમાં બંધ કરી દેવામાં આવ્યા છે.

આનાથી એક કામચલાઉ પડકાર ઉભો થયો છે, પરંતુ રાજ્ય સરકારે અન્ય સ્ત્રોતોમાંથી પુરવઠો સુનિશ્ચિત કર્યો છે.

બાઇટ : ઋષિકેશ પટેલ, કેબિનેટ મંત્રી

# GUJARAT VIDHANSABHA

ગુજરાત વિધાનસભાની કાર્યવાહી આજે બપોરે 12 કલાકે પ્રશ્નોતરી સાથે શરૂ થશે. જેમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, શ્રમ અને રોજગાર, વન અને પર્યાવરણ સહિતના વિભાગોના પ્રશ્નો રજૂ કરાશે જેના સંબંધિત મંત્રીઓ જવાબો આપશે. ઉપરાંત આજે ગૃહ વિભાગના પોલીસ અને જેલ તથા કાયદા વિભાગની અંદાજપત્રીય માગણી પર ચર્ચા અને મતદાન થશે.

ગઇકાલે વિધાનસભામાં અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સહિતની સમિતિઓના ચૂંટણી કાર્યક્રમની પણ જાહેરાત કરવામાં આવી.

# CM SABARKATHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાબરકાંઠા જિલ્લાના નાગરિકોની સુખાકારી માટેના અંદાજે **72** કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પરિવહન સુવિધાઓ, નવીન વર્ગખંડો, ગ્રામીણ વિકાસના કામો તેમજ આરોગ્ય અને પશુપાલન ક્ષેત્રના આ વિકાસકાર્યો સાબરકાંઠાને પ્રગતિની નવી ઊર્જા આપશે.

શ્રી પટેલ સલાલ ખાતે ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્કનું લોકાર્પણ પણ કરશે. આ અદ્યતન પાર્ક બાળકો અને યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા જગાડશે, ખગોળશાસ્ત્રનું જ્ઞાન આપશે અને પ્રવાસન ક્ષેત્રે મોટું આકર્ષણ બની સ્થાનિક રોજગારમાં વધારો કરશે.

# CM-PM VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

બંને નેતાઓ વચ્ચેની મુલાકાત અંગેની માહિતી પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા સોશિયલ મીડિયા પર આપવામાં આવી હતી. જ્યારે ચર્ચાની વિગતો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી ન હતી, આ મુલાકાત એવા સમયે થઈ છે, જ્યારે રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે.

# KUTCH ROAD PROJECT

કચ્છ જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર **754K**નું 650 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવીનીકરણ કરાશે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડીયા સંદેશમાં જણાવ્યા પ્રમાણે આશરે **165** કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-**754K** પર લખપત-ગડુલી-ઝારા-હાજીપીર-ખાવડા-કંદવાન-ધોળાવીરા સેક્શનને પેવ્ડ શોલ્ડર સાથે દ્વિ માર્ગીય કરાશે.

જેનાથી કચ્છ જિલ્લામાં માર્ગ પરિવહન વધુ સુરક્ષિત અને સુગમ બનવાની સાથે આર્થિક અને પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળશે.

# BHAVANAGAR CYBER FRAUD

ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકમાં સાત કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી સામે આવી છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ડેટા સિક્યુરિટીમાં છેડછાડ કરીને હેકર્સે બેન્કની વિવિધ શાખાઓમાંથી આ સાયબર છેતરપિંડી કરી હોવાની વિગતો સામે આવી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને મુખ્ય કાર્યાલય દ્વારા જિલ્લાની તમામ 88 શાખાઓની કામગીરી તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવી છે. બેન્કના ડેટા અને સિક્યુરિટી સિસ્ટમમાં થયેલી આ છેડછાડની તપાસ માટે 25 જેટલા નિષ્ણાતોની ટીમ કાર્યરત કરાઇ છે.

પ્રાથમિક તપાસમાં સિદસર અને સુભાષનગર સહિતની 3 થી 4 શાખાઓમાં આ છેતરપિંડી થઈ હોવાનું જણાયું છે. જેમાં બેન્કની મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી સિસ્ટમ હેક કરવામાં આવી હોવાનું પ્રાથમિક તારણ છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# SOLAR PARK-RAAJYASABHA

"સોલાર પાર્ક અને અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ્સ વિકાસ" યોજના હેઠળ 12 હજાર 150 મેગાવોટ ક્ષમતા સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે.

ગઈકાલે રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો લેખિત જવાબ આપતા કેન્દ્રીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીપાલ યેસો નાઈકે આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે યોજના હેઠળ કુલ 54 સોલાર પાર્કને મંજૂરી આપી છે. આમાંથી, 7 સોલાર પાર્ક ગુજરાતમાં છે.

# BHARUCH TECHFEST

ભરૂચ જિલ્લાની સરકારી ઈજનેર કોલેજ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો ટેકફેસ્ટ **2026** યોજાયો. આ બે દિવસીય કાર્યક્રમમાં દેશના **3** હજાર જેટલાં વિધાર્થીઓએ ભાગ લીધો. જેમાં **25** જેટલી ઇવેન્ટ્સ અને **70** જેટલા વિવિધ પ્રોજેકટ રજૂ કરાયા.

આ અંગે એક વિદ્યાર્થી પવન કુમારે પ્રતિક્રિયા આપી હતી.

બાઈટ : પવન કુમાર, વિદ્યાર્થી

# WEATHER

રાજ્યમાં આગામી ચાર દિવસ હિટવેવની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ સાથે હિટવેવની શક્યતા છે.

આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે વધુ માહિતી આપી.

બાઇટ : એ. કે. દાસ

ગઇકાલે 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. જ્યારે અમદાવાદમાં 41.4, વડોદરા અને ભુજમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું. ગઇકાલે રાજ્યના 11 શહેરમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને પાર રહ્યો હતો.

## SCHOOL TIME

રાજ્યમાં પડી રહેલી ગરમીને કારણે શાળાઓનો સમય બદલવાની માગ કરવામાં આવી છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે શિક્ષણ મંત્રીને પત્ર લખ્યો છે. જેમાં પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારનો કરવાની રજૂઆત કરાઇ છે.

આ અંગે શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ મિતેશ ભટ્ટે વધુ માહિતી આપી.

બાઈટ- મિતેશ ભટ્ટ, અધ્યક્ષ શૈક્ષિક સંઘ

# AHM GOLF CHAMPIONSHIP

અમદાવાદમાં કલ્હાર બ્લ્યુઝ એન્ડ ગ્રીન્સ ગોલ્ફ ક્લબ ખાતે આવતીકાલથી 'ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપ' નો પ્રારંભ થશે, જે ૧૫ માર્ચ સુધી ચાલશે. આ સ્પર્ધામાં ભારત અને વિદેશના કુલ ૧૪૩ જેટલા દિગ્ગજ ગોલ્ફરો પોતાનું કૌશલ્ય બતાવશે.

ભારતના અગ્રણી ખેલાડીઓ યુવરાજ સંધુ, વીર અહલાવત અને ઓમ પ્રકાશ ચૌહાણની સાથે અમેરિકા, ઓસ્ટ્રિયા અને ફ્રાંસના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પણ આ ખિતાબ માટે મેદાનમાં ઉતરશે. અમદાવાદના સ્થાનિક ગોલ્ફરો અંશુલ પટેલ અને કૃશ પટેલ પણ આ સ્પર્ધામાં આકર્ષણનું કેન્દ્ર રહેશે.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા, પી.જી.ટી.આઈ.ના **CEO** અમનદીપ જોહલે જણાવ્યું કે, આ વર્ષે ઇનામી રકમ વધારીને આશરે ૨ કરોડ ૭૬ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે. સ્ટ્રોક-પ્લે ફોર્મેટમાં રમાનારી આ સ્પર્ધા ચાર રાઉન્ડમાં યોજાશે, જે ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફના સ્તરને વધુ ઊંચાઈએ લઈ જશે.

# WOMEN'S DAY-PATAN-CHHOTA UDEPUR

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. મહિલાઓને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં પ્રેરિત કરવા તથા ગ્રામ્ય સ્તરે વરસાદી પાણીના સંગ્રહ અને જળ સંરક્ષણ વિશે જાગૃત

કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા આ અંગે  મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

છોટાઉદેપુર ખાતે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને 'નારી શક્તિ સન્માન' કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે જિલ્લાની પ્રેરણાદાયી મહિલાઓને તેમની વિશિષ્ટ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવી.

-----------------------------------------------------